

સેક્ટર-૧૨ સ્થિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલીત નર્સીંગ કોલેજની બિલકુલ બાજુમાં ગંદકી અને કચરાના ઢગ છે. કેટલાય વિદ્યાર્થીઓ અહીંથી પસાર થાય છે, પણ કોઈને પડી નથી. કોર્પોરેશન તો તેનું કામ કરે જ છે પણ વસાહતીઓની પણ ફરજ બને છે. આપણું શહેર સ્વચ્છ રાખવાની !! (તસવીર : કશ્યપ નીમાવત)

# ઉદેપુરથી જમ્મુ જવા નીકળેલા યુવાનની ગાડી અને રૂપિયા ગાયબ...!

## રણાસણ રીંગ રોડ પાસે અજાણ્યા બે યુવાનોને દારૂ પીવડાવવા બોલાવ્યા ને તે બંને નશામાં ચકચુર કરીને ગાડી સહિત રૂ. ૬.૩૫ લાખનો માલ લઈ ગયા

ગાંધીનગર, તા.૬

રાજસ્થાનના ઉદેપુર વિસ્તારમાં રહેતો યુવાન તેના મિત્ર સાથે અમદાવાદ એરપોર્ટ અને ત્યાંથી ફલાઈટમાં જમ્મુ જવા નીકળ્યો હતો. રાજસ્થાનથી અમદાવાદ પહોંચે તે પહેલા જ તની ગાડી અને રૂ. ૩૫ હજાર રોકડા ગાંધીનગર નજીકના રણાસણ રીંગરોડ નજીકથી ગાયબ થઈ ગયાની ઘટના પ્રકાશમાં આવી છે.

૨જી ઓગષ્ટે રાજસ્થાન ઉદેપુરનો યુવાન મનોહરલાલ બાલકુંજ શર્મા તેના મિત્રને લઈને તેની સ્કોડા ગાડી નં. આર.જે. ૨૭ સી.ડી. ૩૦૬૦ લઈને અમદાવાદ એરપોર્ટ જઈ રહ્યો હતો ત્યાંથી ફલાઈટમાં જમ્મુ જવાનો પ્રોગ્રામ હતો. તેણે દારૂની બે બોટલો બોર્ડરેથી ખરીદી હતી તે પૈકી એક પુરી કરી નાંખી હતી. ગાંધીનગર નજીક રણાસણ રીંગ રોડ પાસે તે પહોંચ્યો ત્યારે તેની ગાડીને પંચર થયું..! પંચર કરાવવા તે ઉભો રહ્યો ત્યાં એક અજાણ્યા યુવાનને તેણે એરપોર્ટનો રસ્તો પુછયો હતો. તે અજાણ્યા યુવાન સાથે થોડી વાતચીત થતા વિશ્વાસુ લાગતા દારૂ પીવાની ઓફર કરી હતી. પંચર થઈ ગયા બાદ દારુ પીવા સાથે નીકળ્યો અને એક બીજા મિત્રને પણ બોલાવી લીધો હતો ત્યારબાદ નશામાં ચુર થઈ ગયેલ ઉદેપુરના બંને મિત્રોને કાંઈ ભાન જ ન રહ્યું. હોશમાં આવ્યા ત્યારે જોયું તો તેમની સ્કોડા ગાડી પણ ન હતી અને તેમની પાસેના રૂ. ૩૫ હજાર રોકડ પણ ન હતાં. રૂ. ૬.૩૫ લાખના મુદ્દામાલની છેતરપીંડી અંગે ડભોડા પોલીસે ગુનો નોંધીને તપાસ શરુ કરી છે.



ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા ખાતે સુરક્ષા સેતુ તેમજ મહિલા સશક્તિકરણના ઉપક્રમે ચિલોડા પોલીસ દ્વારા આરોગ્ય ખાતાના સહકારથી એક મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ચંદ્રાલામાં આવેલ શ્રમજીવી લોકોના છાપરાં રહેણાંક વિસ્તારોમાં રહેતા પરિવારોના આરોગ્યની ચકાસણી કરી હતી. આ ગરીબ પરિવારોની આરોગ્ય તપાસ બાદ જે તે સારવારની જરૂરીયાત જણાઈ હોય તેને છાલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડૉ. અનિલભાઈ અને તેમની ટીમે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમ દરમ્યાન ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.એમ. પ્રિયદર્શી, એ.એસ. આઈ. હીરાજી ખાંટ તથા હેડ કોન્સ્ટેબલ અલ્પેશભાઈ પણ હાજર રહ્યા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## આજના ધાર્મિક કાર્યક્રમ

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવ મહિમ્ન પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે મેહુલભાઈ ઓઝા પ્લોટ નં. ૧૦૩/૧, સેક્ટર-૧૪ ખાતે યોજાશે.
- શ્રી શિવ-શક્તિ શિવમહિમ્ન સ્ત્રોત મંડળ સેક્ટર-૨૩ દ્વારા આજે રાત્રે ૯.૦૦ વાગે નવીનભાઈ વ્યાસ ૧૪૦/૪, બી-૧, કડી સ્કૂલ ગેટ નં. ૪ પાસે યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના આજે રાત્રે અશ્વિનભાઈ મહેતા સેક્ટર-૨૯ ખાતે યોજાશે.
- વાવોલ રામધામ ખાતે ચાલતી રામકથામાં આજે શિવ-વિરહ કથા પ્રસંગ યોજાશે. તેમજ ૧૦૦૦ નંગ કેળાના હિંડોળા ઝુલાવવામાં આવશે.
- શ્રી બાજખેડાવાળ મંડળ, ગાંધીનગર દ્વારા વિષ્ણુ સહસ્ત્ર પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે બાલાજી મંદિર સેક્ટર-૧૬ ખાતે યોજાશે. માયાબેન જોષી સેક્ટર--૨૫ દ્વારા પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે.

## આજે અડાલજ અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી ખાતે ઓરિએન્ટેશન પ્રોગ્રામ

અડાલજમાં આવેલ અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ ખાતે આજ રોજ પ્રથમ વર્ષ બી.ફાર્મના વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામ યોજાશે. જેમાં મુખ્ય મહેમાન પદે ડૉ. દિપક ગોંડલિયા, અતિથી વિશેષ તરીકે મુનેશ શર્મા, જયેશ પંડ્યા ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા ઔષધિય ગુણ ધરાવતા ૧૦૦૦ જેટલા છોડનું વાવેતર કરવામાં આવશે. વિદ્યાર્થીઓને મહેમાનો દ્વારા દવા ઉદ્યોગમાં ઉજ્જવળ ભવિષ્ય વિશે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે.

## નારી સંરક્ષણ ગૃહમાં રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ સંચાલિત નારી સંરક્ષણ ગૃહ ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ગૃહ ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારીના ભાવનાદીદી અને તપસ્વીનીદીદીએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ભાવનાદીદી અને તપસ્વીદીદીએ રક્ષાબંધનનું મહત્વ સમજાવ્યું હતું. પરમપિતા પરમેશ્વર તરફથી દુન્યવી દરેક જીવને મળતા રક્ષણની માહિતી પુરી પાડી હતી. તેમજ મેડીટેશનથી થતા લાભની માહિતી આપી હતી. રક્ષાબંધન પર્વ નિમિત્તે મો મીઠું કરાવ્યું હતું. પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે અને કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## જુના સચિવાલય ખાતે નિઃશુલ્ક આઈ ડાયાબિટીસ ચેક અપ કેમ્પનું આયોજન

ગાંધીનગરના ધી સચિવાલય સહકારી ઉપહાર ગૃહના સૌજન્યથી અને તેજ આઈ સેન્ટરના સહકારથી ફ્રી આઈ ચેકએપ અને ડાયાબીટીશ ચેક અપ કેમ્પું આયોજન કરવામાં આવ્યું છે. આ નિઃશુલ્ક ચેક અપ કેમ્પ તા. ૬, ૭ અને ૮ ઓગષ્ટે જુના સચિવાલયની કેન્ટીન ખાતે બપોરે ૧ થી સાંજના ૫ વાગ્યા દરમિયાન યોજાશે. આ કેમ્પમાં ગાંધીનગરના તમામ નગરજનોને લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## જિલ્લા પોલીસે સ્લમ વિસ્તારમાં જઈ ૪૦૦ મહિલાઓ બાળકોના મેડીકલ ચેક અપ કરાવ્યા

ગાંધીનગર જિલ્લા પોલીસે આરોગ્ય ખાતાને સાથે રાખીને વિવિધ સ્લમ વિસ્તારોમાં બાળકો અને મહિલાઓ માટે ખાસ મેડીકલ ચેક અપનો કાર્યક્રમ ગઈ કાલે રાખ્યો હતો. ગાંધીનગર ઉપરાંત રખિયાલ, દહેગામ, કલોલ, માણસા, પેથાપુર સહિતના વિસ્તારોમાં આવેલા સ્લમ વિસ્તારમાં જઈ ૪૦૦ જેટલા બાળકો અને મહિલાઓના મેડીકલ ચેક અપ કરાવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

## સે-૨૧ શાકમાર્કેટમાંથી સ્કુટર ચોરાયું..!

શહેરના સેક્ટર-૪-બી પ્લોટ નં. ૫૫૮/૧ ખાતે રહેતા અરવિંદભાઈ નારણભાઈ સારંગ ૨જી ઓગષ્ટે સે-૨૧ શોપીંગ સેન્ટરમાં ખરીદી કરવા પોતાનું સ્કુટર લઈને ગયા હતાં. પાર્કીંગમાં પાર્ક કરેલું સ્કુટર અરવિંદભાઈ ખરીદી કરીને પરત ફર્યા ત્યાં સુધીમાં તેમનું સ્કુટર ગાયબ થઈ ગયું હતું. રૂ. ૬ હજારના સ્કુટરની ચોરી અંગે સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

## દારૂ પીને મધરાતે બાઈક પર ફરતો સે-૧૩નો યુવાન ઝડપાયો

ગાંધીનગર સે-૭ પોલીસ ગઈ રાત્રે બાર વાગ્યાના અરસામાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ઘ-૪ સર્કલ પાસેથી બેફામ ગતિએ દારુ પીધેલી હાલતમાં બાઈક લઈને ફરતો એક યુવાન પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે સે-૧૩માં પ્લોટ નં. ૮૫૬/૨માં રહેતા રતનસિંહ નટવરસિંહ બિહોલાની ધરપકડ કરી લઈને તેનું બાઈક નં. જીજે ૧૮ એ.ઈ. ૭૪૪૮ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સે-૭ સરદાર પટેલ વિદ્યા મંદિરમાં સ્પર્ધાઓ યોજાઈ

ગતિશીલ ગુજરાત અંતર્ગત નિર્મળ ગુજરાત નિર્મળ શાળા અંતર્ગત સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર સેક્ટર-૭ ગાંધીનગર ખાતે તા. ૨૮ જુલાઈથી તા. ૪ ઓગષ્ટ સુધી મેદાન સફાઈ, વૃક્ષારોપણ, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વર્ગ સફાઈ, વર્ગ સુશોભન, વ્યકિતગત સ્વચ્છતા જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## ધોળાકૂવા મર્ડર કેસના શકમંદ રમેશ ઓડનો એસડીએસ ટેસ્ટ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૬

ધોળાકૂવામાં કિશોરીની હત્યા પ્રકરણમાં શકમંદોના એસડીએસ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તે પૈકી એક શકમંદ રમેશ ઓડ કે જેણે તાજેતરમાં ફીનાઈલ ગટગટાવી લીધુ હતુ. તેનો એસડીએસ ટેસ્ટ પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. એલસીબી પીઆઈ આશુતોષ પરમારના જણાવ્યા મુજબ રમેશ ઓડ હકીકત છુપાવતો હોવાનું એફએસએલ રીપોર્ટમાં જાણવા મળ્યું છે. જે કોથળામાંથી કિશોરીનો મૃતદેહ મળ્યો હતો તે કોથળામાંથી મળી આવેલો વાયર અનમે રમેશના ઘરેથી મળેલા વાયરના ટુકડા મેચ થતા હતા. આ પ્રશ્ન અંગે પુછપરછ એસડીએસ ટેસ્ટમાં કરવા છતાં તે ખોટા જવાબ આપીને માહિતી છુપાવતો હોવાનું ધ્યાને આવ્યું હોવાનું પોલીસે જણાવ્યું છે.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિશ્વ હિરોશીમાં દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૬

૬ ઓગસ્ટ, વિશ્વમાં હિરોશીમાં દિવસ તરીકે મનાવવામાં આવે છે. ત્યારે શાળામાં પોપ્યુલર લેક્ચર અને ફિલ્મ બતાવવામાં આવી હતી. સંસ્થાના કો-ઓડિનેટર હાર્દિક મકવાણાએ અણુ બતાવવામાં આવી હતી. ઈ.સ. ૧૯૪૫ માં બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન અમેરિકાએ 'લિટર બોય' નામના



નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઉજવણીના ભાગરૂપે પેથાપુર કન્યા શાળામાં પોપ્યુલર લેક્ચર અને ફિલ્મ નિદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સેક્ટર-૨૩માં આવેલ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિજ્ઞાન દિવસને લગતા દિવસોની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે ૬-ઓગસ્ટ હિરોશીમાં દિવસ અંતર્ગત પેથાપુર પ્રાથમિક કન્યા વિજ્ઞાનની ભયાનકતાનો ખ્યાલ આપ્યો હતો. તેમજ અણુ વિજ્ઞાન સૃષ્ટિ માનવવંશ પર વર્ષો સુધી કેવી અસર છોડી જાય છે તેની સમજ પુરી પાડી હતી. અણુ ઉર્જાનો ઉપયોગ ફક્ત વિનાશ માટે ન કરતા ઉર્જા ઉત્પાદન ક્ષેત્રે કરી શકાય તેમ પણ જણાવ્યું હતું.

હિરોશીમા અને નાગાશાકી શહેર પર થયેલા વિનાશની ફિલ્મ અણુબોમ્બનો પ્રયોગ કર્યો હતો. જેમાં અઢી લાખ કરતા પણ વધુ લોકોએ જીવ ગુમાવ્યો હતો. કન્યા શાળાના આચાર્યા હસુમતીબેન જાદવ, શિક્ષકો ભાવિકભાઈ પટેલ, અવનીબેન મહેતા, હીનાબેન મેસરીયા, ચારૂલતાબેન ઉપસ્થિત રહ્યા હતા. સાયન્સ સેન્ટરના શિવાંગ પટેલે સહયોગ આપ્યો હતો.

# ગાંધીનગર સ્વર્ણ જયંતિ નિમિત્તે 'માય સ્ટેમ્પ'નું લોકાર્પણ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરની પ્રથમ ઈમારતની પ્રથમ ઈંટ બીજી ઓગષ્ટ-૬૫ના રોજ મુકાયેલ તેને ૫૦માં વર્ષમાં પ્રવેશ સાથે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને સ્વૈચ્છિક સંસ્થાઓ તેના 'સ્વર્ણિમ વર્ષ'ની ઉજવણીના ભાગ રુપે ગાંધીનગર શહેર વસાહત ઐતિહાસિક સ્મૃતિ જળવાય રહે તેવા સતત પ્રયાસ કરતું વસાહત મહામંડળ દ્વારા આજ રોજ માર્ગ મકાનો, પાટનગર યોજના વિભાગના મંત્રી અને ગાંધીનગરના પ્રભારી મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે લોકાર્પણ કરી નગરની સ્વર્ણિમ જયંતિને ચીરંજીવી બનાવી હતી જેમાં ગાંધીનગર શહેર તેમણે આજ રોજ સ્ટેમ્પનું લોકાર્પણ કરેલ.

આ તબક્કે શ્રી નિતીનભાઈએ આ યાદગાર બની રહે અને ભાવી પેઢીને માર્ગદર્શન અને સ્મૃતિપટ પર રહે તેવી પ્રવૃત્તિ અને આયોજનને બિરદાવેલ અને મહામંડળના પ્રતિનિધિશ્રીઓને આવકારી



મહામંડળ દ્વારા 'માય સ્ટેમ્પ' યોજના હેઠળ ડાક અધિક્ષકશ્રી ગાંધીનગરની પ્રેરણાથી તૈયાર કરવામાં આવી હતી જેનું લોકાર્પણ કરી ગાંધીનગરની વસાહત મહામંડળના પ્રમુખશ્રી અરુણ બુચ, સુધીર દેસાઈ, કિશોર જીકાદરા, કશ્યપ મહેતા અને ચંદુજી ઠાકોર દ્વારા મંત્રીશ્રીને વિનંતી કરતાં ઉત્સાહીત કરેલ.

મહામંડળ દ્વારા પણ સ્ટેમ્પ તેની યાદગીરી, આગામી સ્વર્ણિમ વર્ષના કાર્યક્રમોની વિગતો આપી હતી.

# સે-૩ બ્રહ્માકુમારીઝ દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરાઈ




ગાંધીનગર, તા.૬

ભાઈ-બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધનની ઉજવણી સેકટર-૩ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા ઠાકોર સમાજ વિકાસ સંઘ હોલ સેકટર-૩ ખાતે કરવામાં આવી હતી. રક્ષાબંધન પર્વની ઉજવણીમાં જિલ્લા ભાજપ પ્રમુખ નીતિન પટેલ, નાગરિક બેંક ડિરેકટર વિક્રમ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બ્રહ્માકુમારી સુનિતાદીદીએ રક્ષાબંધનનું આધ્યાત્મિક મહત્વ સમજાવ્યું હતું તેમજ નીતિનભાઈ પટેલ અને વિક્રમભાઈએ જણાવ્યું હતું કે કળિયુગમાં લોકો વિકારી બની ગયા છે ત્યારે બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા રક્ષાબંધનની ઉજવણી સમાજ માટે ખુબ જ ઉપયોગી નિવડશે.

આ પ્રસંગે બ્રહ્માકુમાર મોહનભાઈ મનોજભાઈએ સ્વાગત પ્રવચન કર્યું હતું. સંચાલન રસિકભાઈ કટારાએ કર્યું હતું. ૨૫૦ જેટલા નગરજનો ઉસ્થિત રહ્યા હતા અને પ્રભુનો પ્રસાદ લઈ છુટા પડયા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૩
સૂર્યાસ્ત : ૭.૧૭

## તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૯૨ ટકા
વરસાદ : ૧૧.૫ મી.મી.

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
કીક : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
કીક : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
હરક્યુલસ(અંગ્રેજી) (૩ડી) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦
કીક : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :
લતીફ - કીંગ ઓફ ક્રાઈમ : ૧૨.૦૦, ૨.૧૫
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
અલ્લુડુ સીનુ (તેલુગુ) : ૭.૦૦

: સ્ક્રીન-૫ :
કીક :૧૦.૦૦,
લતીફ - કીંગ ઓફ ક્રાઈમ : ૭.૦૦
હેટ સ્ટોરી-૨ : ૭.૦૦

: સ્ક્રીન-૬ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૪.૩૦
લતીફ - કીંગ ઓફ ક્રાઈમ : ૭.૦૦
કીક :૧૦.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
કીક : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
કીક : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :
લતીફ - કીંગ ઓફ ક્રાઈમ : ૧૦.૧૫. ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### ધાર્મિક કાર્યક્રમ

- શ્રાવણ સુદ અગીયારસ , તા. ૭-૮-૨૦૧૪, ગુરૂવારના રોજ સુકા મેવાના હિડોળા, શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર.

## આપની આજ

**મેષ** : નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ- સહકારી મળી રહે. ધર્મમાં આસ્થા વધશે. અટવાયેલા કાર્યોનું નિરાકરણ આવી શકે છે. લાભનો માર્ગ મોકળો બનતો જણાય.

**વૃષભ** : જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**મિથુન** : કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે. નોકરીમાં પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. ઋણથી મુક્ત થઈ શકો છો.

**કર્ક** : આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે.

**સિંહ** : વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થઈ શકે છે. ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતતનો યોગ. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે.

**કન્યા** : સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. ચિંતાઓમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકે છે. કુંટબમાં ઉભી થયેલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે.

**વૃશ્ચિક** : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગ ને દિવસ આનંદમય રીતે પસાર થશે.

**ધન** : વેપાર ક્ષેત્રમાં થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. અટકાયેલા નાણાં પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક જવાબદારીઓની ચિંતા હળવી બને.

**મકર** : ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. નોકરીમાં ઉપરવર્ગના અધિકારીઓ સાથે વાદવિવાદ ઉભો થતો હોય તેવી બાબતોથી દૂર રહેવું.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. ભૂમિ- સંપતિના સોદામાં લાભ થવાની સંભાવના છે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

**મીન** : અથાગ પ્રયત્ન કરવા છતાં ઓછો લાભ મળી શકે. નકામો તનાવ, મુશ્કેલીઓના ભારણ નીચે દબાતા હોવાનો અનુભવ થતો જણાય.અનુભવીનું માર્ગદર્શન લેવું.

## ચિરવિદાય

- સ્વ. જગુબેન મેજીભાઈ રબારી (ઉ.વ.૭૨) મુ. ગોકુલપુરા,ગાંધીનગર.